રાજ્યના તમામ ખાતેદારોને ગામ નમૂના નંબર-૭ તથા ૮-અ ની નકલો દર વર્ષે એક વખત વિના મૂલ્યે આપવા બાબત

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૪/૦૨/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૧/૦૭/૨૦૧૪.

વંચાણે લીધાઃ

૧. મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૩ પરિપત્ર ક્રમાંકઃઆઇટીપી/૧૦૨૦૧૩/૪૯૭/હ.૨

૨. મહેસૂલ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૧૦ પરિપત્ર ક્રમાંકઃસીએમપી /૧૦૨૦૦૯/૨૪/હ.૨

પરિપત્રઃ

જૂલાઈ-૨૦૦૩માં પ્રોજેકટમાં ડેટા એન્ટ્રી, વેરીફીકેશન તથા ડેટા ઓનલાઈનની કામગીરી ઝુંબેશ રૂપે હાથ ધરી છ માસના ગાળામાં ૧.૫ કરોડ જમીનના મહેસૂલી રેકર્ડને કમ્પ્યુટરાઈઝ કરી તા.૨૬-૦૧-૨૦૦૪ના રોજ સઘળા ૨૨૫ તાલુકાને ઓનલાઈન કરવામાં આવ્યા છે. હાલ રાજ્યના તમામ ૩૩-જીલ્લાઓ, ૨૪૮-તાલુકાઓના ઇ-ધરા કેન્દ્ર / એટીવીટી જનસેવા કેન્દ્ર /ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી ગામ નમૂના નંબર-૬(હક્કપત્રક), ૭, ૮-અ(ખાતાવહી) તથા ૧૨(પ્હાણીપત્રક) (રેકર્ડ ઓફ રાઇટ્સ)ની નકલ રૂ.|- ૫/- ચૂકવી મેળવી શકાય છે.

૨. વિભાગના વંચાણે લીધા (૧) ના પરિપત્રથી રાજ્યના કોઇપણ ગામની રાજ્યના કોઇપણ ઇ-ધરા કેન્દ્ર / એટીવીટી જનસેવા કેન્દ્ર /ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી પણ રેકર્ડ ઓફ રાઇટ્સની નકલો મેળવી શકાય તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તથા ઇન્ટરનેટના માધ્યમથી પણ જમીનના રેકર્ડ ઓફ રાઇટ્સની હાલની પરિસ્થિતિની( લાઇવ) વિગતો જોઇ શકાય છે.

૩. રાજ્યના ખાતેદારોની પોતાની જમીનની હક સંબંધી વિગતોથી અપડેટ રહે તે હેતુસર ગામ નમૂના નંબર-૭ તથા ૮-અ ની નકલો દર વર્ષે એક વખત ખાતેદારોને વિના મૂલ્યે વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવે છે. તથા સદરહું કાર્યક્રમનો ખેડા જિલ્લાના માતર તાલુકામાં તા.૦૧/૦૮/૨૦૧૪ના રોજ યોજાનાર "લોક સંવાદ સેતુ કાર્યક્રમ"થી માતર તાલુકાના એક ગામથી શુભારંભ કરવાનો નિર્ણય કરવામાં આવે છે.

૪. રાજ્યના તમામ તાલુકાઓમાં જે તે જિલ્લાના કલેક્ટરશ્રીઓએ ગામ નમૂના નંબર-૭ તથા ૮-અ ના પાનીયાઓની સંખ્યાને ધ્યાને રાખી પ્રીન્ટ કરેલ નકલો ખાતેદારોને દર વર્ષે એક વખત વિના મૂલ્યે નકલ વિતરણ કાર્યક્રમ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીશ્રીઓ દ્વારા વિતરણની વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને તે મુજબનું તબક્કાવાર આયોજન કરવાનું રહેશે.

૫. ખાતેદારોને દર વર્ષે એક વખત વિના મૂલ્યે નકલોના વિતરણ માટે નિયત કાર્યપદ્ધતી અપનાવીને પ્રીન્ટ કરાવવા અંગેની વ્યવસ્થા સંબંધિત કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

૬. ખાતેદારોને વિના મૂલ્યે નકલોના પ્રીન્ટીંગ / વિતરણનો ખર્ચ કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ઇ-સેવા સોસાયટીના કોપર્સ ફંડ હેઠળ કાર્યાન્વિત "ઇ-ધરા ફંડ"માંથી પાડવાનો રહેશે

૭. એનઆઇસી-જીએસસી, ગાંધીનગર દ્વારા ડેવલેપ કરાયેલ વેબ-ભૂલેખ એપ્લીકેશનમાં બલ્કમાં વિના મૂલ્યે નકલોની પ્રીન્ટ થાય તે માટે તાત્કાલિક જરૂરી સુધારા-વધારા કરી રાજ્યના તમામ ઇ-ધરા કેન્દ્રો / કલેક્ટર કચેરીમાં સુધારેલ એપ્લીકેશનની સોફ્ટ ફાઇલ મોકલવાની રહેશે.

૮. વિતરણ કરાયેલ નકલો ખાતેદારોને મળ્યાની ખાત્રી, ક્ષતિ હોય તેવા કિસ્સાઓમાં ખાતેદારોના વાંધા મેળવવા, વાંધા નિકાલ તથા ક્ષતિ સુધાર (કરેકશન)ની કાર્યવાહી સમયાંતરે યોજાતી મહેસૂલી અધિકારીશ્રીઓની રીવ્યુ મીટીંગમાં લેવામાં આવે અને ત્વરિત નિકાલની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

રાજ્યના તમામ ખાતેદારો પોતાની જમીનની હક સંબંધી વિગતોથી વાકેફ રહે તે સારુ દર વર્ષે એક વખત ગામ નમૂના નંબર-૭ તથા ૮-અની વિના મુલ્યે નકલો આપવા તથા વિતરણ સંબંધિત સઘળી વ્યવસ્થાનું તબક્કાવાર આયોજન કરી સંબંધિત કલેક્ટરશ્રીએ તેની વિગતો સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ કમ્પ્યુટરાઇઝેશન, મહેસૂલ વિભાગ, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(પ્રકાશ મોદી)
પ્રોજેકટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા પ્રભારી સચિવશ્રીઓ.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી/ સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિવાદ કચેરી, અમદાવાદ.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (સર્વે મામલતદાર કચેરીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે તલાટી-કમ-મંત્રીશ્રીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સ્ટેટ ઇન્ફોર્મેશન ઓફીસર, નેશનલ ઇન્ફોર્મેટીક ગુજરાત સ્ટેટ સેન્ટર, બ્લોક નં. ૧૩, પ્રથમ માળ, ગાંધીનગર તરફ ડેવલેપ કરાયેલ વેબ-ભૂલેખ એપ્લીકેશનમાં બલ્કમાં નકલો પ્રીન્ટ થાય તે માટે એપ્લીકેશનમાં જરૂરી સુધારા-વધારાની કાર્યવાહી સમયમર્યાદામાં કરવા સારૂં.
- સર્વે શાખાઓ મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.